**રે.દિ.મુ.નં.૧૨/૨૦૨૪**

**વાદીની વચગાળાના આદેશાત્મક તથા કામચલાઉ મનાઈ હુકમ માટેની આંક–૫ ની અરજી લગત હુકમ**

(૧) હાલની અરજી વાદીઓએ સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર–૩૯, રૂલ ૧–૨ તથા કલમ ૧૫૧ હેઠળ દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળા રસ્તા અને ધોરીયા સંદર્ભે પ્રતિવાદીઓ વિરૂધ્ધ આદેશાત્મક મનાઈ હુકમ તથા વચગાળાનો પ્રતિબંધનાત્મક મનાઈહુકમ મેળવવા સારૂ કરેલ છે.

(૨) વાદીઓની આંક–૦૫ ની મનાઈ અરજીની ટુંક હકીકત તથા તે સબંધે રજુ કરેલ લેખીત દલીલ તથા મૌખીક રજુઆત જોઈએ તો, વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ વાદગ્રસ્ત ખેતીની જમીનમા તેઓનો આવવા જવાનો રસ્તાનો આઠ ફુટનો માર્ગ તથા વાદવાળા ખેતર પાણી પાવાનો ધોરીયો ખેડી નાખીને નાળીયેરી વાવી દીધેલ છે. તે અંગે પ્રતિવાદીઓ સામે આદેશાત્મક વચગાળાનો મનાઈહુકમ મેળવવા અને રસ્તો તથા પાણીનો ધોરીયો પુર્વવ્રત ચાલુ કરાવી આપવા મનાઈહુકમ તથા તેને આનુસંગિક વિજ્ઞાપન તથા કાયમી મનાઈહુકમ મેળવવા દાવો કરી હાલની અરજી કરેલ છે.

વાદીઓના ખેતર રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૨ હેકટર ૦–૬૩–૭૪ છે જેની આથમણે પ્રતિવાદીઓના ખેતર જેના સર્વે નં.૨૩૯/૧/પૈ.૨ હેકટર ૦–૩૩–૩૯ ખેતર આવેલ છે. વાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીન માંગરોળ તાલુકાના શીલ ગામે ખેડ ખાતા નં.૧૨૪ થી "કરેણીવાવ" ના નામથી ઓળખાતી ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૨ હેકટર આરે ચો.મી. આશરે ૦–૬૩–૭૪ વાળા ખેતર તથા અન્ય ખેતરો વાદીઓના સંયુકત નામથી સંયુકત ખેડખાતાની આવેલ છે.

જયારે પ્રતિવાદીઓની ખેતીની જમીન માંગરોળ તાલુકાના શીલ ગામે ખેડ ખાતા નં.૮૨ થી "કરેણી વાવ" ના નામથી ઓળખાતી ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૧/પૈ.૨ હેકટર ૦–૩૩–૩૯ તથા અન્ય ખેતીની જમીનો સંયુકત નામે આવેલ છે. સદર ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૧/પૈ.૨ વાદીઓના ખેતર રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૨ હેકટર આરે ચો.મીટર ૦–૬૩–૭૪ વાળા ખેતરની લગોલગ પશ્ચિમ દીશાએ પ્રતિવાદીઓનુ ખેતર રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૧/પૈ.૨ હેકટર ૦–૩૩–૩૯ આવેલ છે.

જે વાદીઓના ખેતરમા જવા આવવાનો ગાડાવટનો માર્ગ ૮–૦૦ ફુટનો રસ્તો તથા વાદીના ખેતરમા તથા પ્રતિવાદીઓના ખેતરમા પિયત કરવાનો હકક તેઓના બન્ને પક્ષકારોના ખેતરની દક્ષિણ દીશાએ આવેલ ખેતીની જમીન રેવન્યુ સર્વે નં.૨૩૭ કે જે કોળી હીરા દેવા ભરડાના ખેતરમા આવેલ મજમુ કુવામાથી પાણી પાવાનો હકક આવેલ હોય, તે ખેતરમાથી પ્રથમ પ્રતિવાદીઓના ખેતર રેવન્યુ સર્વે નં.૨૩૯/૧/પૈ.૨ માથી થઈને વાદીઓના વાદવાળા ખેતર રેવન્યુ સર્વે નં.૨૩૯/૨ હેકટર આરે ચો.મીટર ૦–૬૩–૭૪ વાળા ખેતરમા પાણી પાવા માટેનો ધોરીયો બાપદાદાના વખતથી જેમનો તેમ છડેચોક હરકોઈ જોઈ જાણી શકે તેમ ઉઘાડે છોક આવેલ છે. જે પિયત કરવા અંગેનો ઉલ્લેખ વાદીના સર્વે નં.૨૩૯/૨ તથા પ્રતિવાદીઓના ખેતર રેવન્યુ સર્વે નં.૨૩૯/૧/પૈ.૨ મા ગામના નમુના નંબર ૭–૧૨ ના બીજા હકકના ખાનામા પણ દર્શાવવામા આવેલ છે. જે રસ્તો અને પાણીનો ધોરીયો જેમનો તેમ વર્ષોથી આવેલ છે. આ સિવાય વાદીઓના ઉપરોકત વાદવાળા ખેતરમા જવા આવવાનો કોઈ અન્ય વૈકલ્પીક રસ્તો આવેલ નથી.

વાદીઓની ઉપરોકત વાદવાળી ખેતીની જમીન રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૨ ની પશ્ચિમ બાજુએ આ દાવાના કામના પ્રતિવાદીઓનુ ખેતર રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૧/પૈ.૨ અને તેન આથમણે વાદીઓ તથા તેમના કુટુંબીજનો વિગેરે કુલ ૨૪ સંયુકત ખાતેદારોના સંયુકત નામે આવેલ ખેતર રેવન્યુ સર્વે નંબર ૨૩૯/૧ પૈ.૧ હેકટર ૦–૩૩–૩૮ વાળુ સંયુકત ખેડ ખાતા નં.૧૩૮ થી આવેલ છે. જે ખેતરમા થઈને વાદીઓ તથા વાદીઓની પશ્ચિમ દીશાએ આવેલ પ્રતિવાદીઓ સદર વાદવાળા ગાડા માર્ગમા થઈને દક્ષિણ તરફ આવેલ સર્વે નં.૨૩૮ વાળા ખેતરમાથી થઈને મેઈન રસ્તા ઉપરથી શીલ ગામે જવાય અવાય છે. જે રસ્તો પ્રથમથી જ આશરે ૪૫ થી ૫૦ વર્ષથી જેમનો તેમ આવેલ હોય ને તેનો ઉપયોગ ઉપભોગ વાદીઓ વર્ષોથી કરતા આવેલ છે. સદરહુ વાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની ''કરેણીવાવ''ના નામથી ઓળખાતી ખેતીની જમીન સર્વે નંબર ૨૩૯/૨ ની જમીન હેકટર આરે ચો.મીટર ૦–૬૩–૭૪ ની ચતુઃદીશા નીચે મુજબ છે.

પુર્વે :– કોળી પાંચા અરજણ ભરડાની ખેતીની જમીન આવેલ છે.

પશ્ચિમ :– પ્રતિવાદીઓના સંયુકત નામથી વાદવાળી ખેતીની જમીન સર્વે નં.૨૩૯/૧/પૈ.૨ હેકટર ૦–૩૩–૩૯ આવેલ છે. જે ખેતરમાંથી પ્રતિવાદીઓએ દક્ષિણ તરફના શેઢે આવેલ વાદીઓના ખેતરમા જવા આવવાનો ગાડા માર્ગ તથા પાણીનો ધોરીયો ખેડી નાખી ઝાડવા

વાવેલ છે.

ઉત્તર :– કોળી કચરા ઉકા વાઢેર વિગેરેની ખેતીની જમીન આવેલ છે.

દક્ષિણ :– રેવન્યુ સર્વે નંબર ૨૩૭ વાળી કોળી હીરા દેવાના નામની ખેતીની જમીન આવેલ છે. જેના ખેતરમા પશ્ચિમ દીશાએ મજમુ હકકનો કુવો આવેલ છે. જે કુવેથી વાદીઓ તથા પ્રતિવાદીઓનો પાણીનો સંયુકત હકક આવેલ છે.

ઉપરોકત વિગતોએ સદરહુ વાદીઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની ખેતીની જમીનની આથમણી બાજુ પશ્ચિમ દીશાએ પ્રતીવાદીઓનુ ખેતર આવેલ છે. તેમા હાલમા પ્રતિવાદી નં.૧ તથા ૨ નાએ વાદીઓના રસ્તાવાળો ગાડામાર્ગ તેમના ખેતરની હદમા આવતો રસ્તાનો ગાડામાર્ગનો ચીલો ખેડી નાખીને તથા પાણીનો ધોરીયો પણ ખેડીને જમીન સમતળ કરીને તેમા ઝાડવા વાવી દીધેલ છે.

વાદીઓ અને પ્રતિવાદીઓ કુટુંબી સગાઓ થતા હોય ને તેમની સામે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નહી. પરંતુ મામલતદાર કચેરી માંગરોળમા એક અરજી તા.૧૩/૧૦ /૨૦૨૩ ના રોજના અરશામા આપેલ છે. પરંતુ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ રાજકીય વગ ધરાવતા હોય ને માથાભારે વ્યકિતઓ હોય વાદીઓની અરજીની કાર્યવાહી આગળ થવા દીધેલ નહીં. અને ભવિષ્યમા રેવન્યુ રાહે કે નામદાર કોર્ટમાથી સ્થળ સ્થિતીનુ રોજકામ થાય તો ગાડાવાટના માર્ગના ચિલા કે પાણીના ધોરીયાના નિશાન દેખાય ન આવે તે માટે તેના કબજાવાળા ખેતરની હદમા રસ્તાના ચીલા અને ધોરીયો તા.૧૨/૧૦/૨૦૨૩ ના રોજના અરસામા ખેડી નાખીને નાળીયેરીના ઝાડવા વાવી દીધેલ છે. આથી વાદીઓ તેમના સર્વે નં .૨૩૯/૨ હેકટર ૦–૬૩–૭૪ ''કરેણીવાવ'' ના નામથી ઓળખાતા ખેતરમા જવા આવવાનુ અને પિયત કરવાનુ બંધ કરી દેતા વાદીઓને નાણામા ન વાળી શકાય તેવુ નુકશાન જાય તેમ છે. આ સિવાય વાદીઓના વાદવાળા ખેતરમા જવા આવવાનો કે પિયત કરવાનો બીજો કોઈ વૈકલ્પીક રસ્તો કે ધોરીયો આવેલ નથી. આથી હાલના સ્વરૂપનો દાવો તાત્કાલીક લાવી નામદાર કોર્ટમા આદેશાત્મક દાદ માંગી વાદીઓના ખેતરમા જવા આવવાનો રસ્તો ખુલ્લો કરાવી વાદીઓના ખેતરમા પાણીથી પિયત કરી શકે તે માટે જે ધોરીયો ખોદી નાખેલ છે તે ફરીથી હતો તેમ ચાલુ કરાવી આપવા હાલના સ્વરૂપની અરજી લાવવાની વાદીઓને ફરજ પડેલ છે.

તાજેતરમા આ કામના પ્રતિવાદી નં.૧ તથા ર નાએ  ના રોજના અરસામા સદર પ્રતિવાદીઓની રેવન્યુ સર્વે નં.ર૩૯/૧/પૈ.ર વાળી જમીનની પુર્વ દીશામા વાદીઓના રેવન્યુ સર્વે નં.ર૩૯/ર વાળા ખેતરમા દબાણ કરી ખેતી કામ કરતા હતા, જે અં ગે વાદીઓએ પ્રતિવાદી નં.૧ અને ર નાને આજથી આશરે બે અઢી માસ પહેલા જમીનની ખાનગી રાહે માપણી કરી કાયદેસરના કબજામા દડીઓ નાખીને જમીન વણાંકી લેવા સમજાવતા પ્રતિવાદી નં.૧ અને ર નાએ માપણી કરવાનો ઈન્કાર કરતા વાદીઓને કહેલ કે ''હવે પછી વાદીઓના ખેતરમાથી નિકળતા રસ્તામાથી જવા–આવવાની પણ ના પાડી રાતો રાત વાદીઓના ગાડા માર્ગનો રસ્તો અને રસ્તાની બાજુમાથી નિકળતો પાણીનો ધોરીયો ખેડી નાખેલ'' અને આ કામના પ્રતિવાદી નં.૧ અને ર ના એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને વાદીઓને જણાવેલ કે મારે રાજકીય વગ છે. હું તમને બધાને શીલ પોલીસ સ્ટેશનમાં ખોટી ફરીયાદ કરીને સદરહુ મારા ખેતરમાથી જતો ગાડા માર્ગનો રસ્તો અને ધોરીયો કાયમી માટ બંધ કરી દઈશ તમારાથી થાય તે કરી લેજો એ જયાં જવુ હોય ત્યાં જાવ અમે કોઈનાથી ડરતા નથી'' તેમ જણાવેલ.  આમ પ્રતિવાદીઓ તા.૧ર/૧૦/ર૦ર૩ ના રોજના અરસામા વાદીઓનો રસ્તો અને ધોરીયો ધરારથી માથાકુટ કરીને વાદીઓના ખેતરમા ઘુસણખોરી કરીને વાદીઓના શાંતિપુર્ણ માલીકી, કબજા, ભોગવટા વાળા ખેતરમા જવા આવવાનો રસ્તો અને ધોરીયો ખેડી નાખીને વાદીઓને તેમના ખેતરે જતા આવતા રોકવાનુ ગેરકાયદેસરનુ કૃત્ય કરેલ છે. અને વાદીઓને તેમના ખેતરમા જઈને ખેતી કામ કરતા તકરાર ઉભી કરીને વાદીઓને ખોટા કેસોમા સંડોવી દે તેવી દહેશત લાગે છે. આથી હાલની આ અરજી લાવવાની વાદીઓને ફરજ પડેલ છે.

આ કામના પ્રતિવાદી નં.૧ તથા ર નાને સદરહુ વાદગ્રસ્ત વાદીઓની ખેતીની જમીનમા પ્રવેશ કરવાનો કે વાદીઓ તેમના ખેતરમા જવા આવવાના રસ્તા અને પાણી પાવાના ધોરીયા ખેડી નાખીને રસ્તો તથા ધોરીયાનો વાદીઓના રસ્તા અને પાણી પાવાના ધોરીયાના સુખાધિકારના હકકથી વંચિત કરવા કૃત્ય ગેરકાયદેસરનુ હોવાનુ અને વાદીઓને રસ્તા પાણીા ધોરીયાા હકકમા અટકાયત કરવાનો કોઈ હકક અધિકાર નથી. જેથી હાલનો આ દાવો વાદગ્રસ્ત ખેતીની જમીનમા રસ્તા અને ધોરીયામા અડચણ અટકાયત કરવાનુ કૃત્ય ગેરકાયદેસરનુ હોય જેનો નિકાલ નામદાર કોર્ટ મારફતે ન થાય ત્યાંસુધી હાલની આ વચગાળાની આદેશાત્મક મનાઈહુકમ મેળવવા અને રસ્તો તથા ધોરીયો ફરી જેમો તેમ ચાલુ કરાવવા રજુઆત કરેલ છે.

ઉપરોકત હકિકતોએ વાદીઓ તેમના ખેતર સુધી જવા આવવાના આઠ ફુટનો રસ્તો તથા પાણી પીવાના સર્વે નં.૨૩૭ વાળા કુવેથી પાથી વાદીઓના ખેતર સુધી લાવવા લઈ જવાના પ્રતિવાદીઓના ખેતરમાથી નિકળતા રસ્તા અને ધોરીયા ખેડી નાખીને વાદીઓના સુખાધિકારા હકકમાં અંતરાય ઉભી કરીને વાદીઓને હાલવા ચાલવાના અને પાણી પાવા હકકથી વંચિત કરી નાખેલ હોય ને વાદીઓનો પ્રથમદર્શનીય મજબુત કેશ છે. જો વાદીઓ તેમના ખેતરમા પ્રતિવાદીઓના ખેતરમાથી નિકળતો રસ્તો અને પાણીનો ધોરીયાનો ઉપયોગ કરી ના શકે તો આ દાવાનો નિકાલ થતા ઘણો જ લાં બો સમય જાય ત્યાંસુધી વાદીઓનુ ખેતર વાવેતર અને પિયત કર્યા વગર વાદીઓને ઘણુ જ નુકશાન જાય તેમ છે. જયારે પ્રતિવાદીઓને વાદીઓનો રસ્તો અને ધોરીયો ખુલ્લો કરી આપવાથી કોઈ નુકશાન જાય તેમ નથી. આથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમા છે. આથી અરજીમા માંગ્યા મુજબનો હુકમ કરવામા આવે તો તેથી આ કામના પ્રતિવાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી. પરંતુ માંગ્યા મુજબો હુકમ વાદીઓની તરફેણમા કરવામા ન આવે તો વાદીઓ તેમનો પાક અને ભવિષ્યી ખેતીી આજીવીકા સમાન ઉપજ નિપજથી વંચિત રહી જતા વાદીઓને નાણામા ભરપાઈ ના થઈ શકે તેવુ ભારે નુકશા જાય તેમ છે. આમ ઈર–રિપેરેબલ લોસ પણ વાદીઓને જાય તેમ છે. પ્રતિવાદીઓ કોઈ નુકશાન નથી. પ્રતિવાદીઓને સદર વાદગ્રસ્ત જમીનમા વાદીઓનો એકમાત્ર રસ્તો અને પાણી પાવાનો ધોરીયો જેમનો તેમ ચાલુ રાખવાથી સીધી કે આડકતરી રીતે કોઈપણ પ્રકારે નુકશાન થી. આથી પણ માગ્યા મુજબનો આદેશાત્મક મનાઈ હુકમ રસ્તો અને ધોરીયો ચાલુ કરાવી આ દાવાનો નિકાલ થતા સુધી ફરી આવુ ગેરકાયદેસરનુ કૃત્ય કરતા અટકાવવા ખુબ જરૂરી છે. આમ વાદીઓની અરજી મંજુર કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે તેવી રજુઆત કરી .

હાલની વચગાળાની આદેશાત્મક મનાઈ હુકમની અરજી લાવી વાદીઓએ દાદ માં ગેલ છે કે :–

(એ) વાદીઓની અરજી પારા ૭ મા જણાવેલ વિગત વર્ણનવાળી જુનાગઢ જીલ્લાા માંગરોળ તાલુકાના શીલ ગામે ખેડ ખાતા નંબર ૧૨૪ રેવયુ સર્વે નં.૨૩૯/૨ ની હેકટર આરે ચો.મીટર ૦.૬૩.૭૪ વાળી ખેતીની જમીનમા જવા આવવાના આઠ ફુટનો રસ્તો તથા પાણી પાવાનો ધોરીયો કે જે પ્રતિવાદીઓએ તેમના ખેતર શીલ ગામના ખેડ ખાતા નં.૮૨ રેવન્યુ સર્વે

નં.૨૯૩/૧/પૈ.૨ હેકટર આરે ચો.મીટર ૦.૩૩.૩૯ ની દક્ષિણ શેઢે આવેલ તે રસ્તો અને ધોરીયો ખેડી નાખીને બંધ કરેલ છે. તે પુર્વવ્રત સ્થિતીમાં ચાલુ કરાવી આપે, તેવો આદેશાત્મક મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા તથા,

(બી) તેમજ આ દાવાનો આખરી નિકાલ થતા સુધી રસ્તો અને ધોરીયો બંધ કરાવે નહી કે વાદીઓને તેમના ખેતરમા ખેતીકામ માટે જવા આવવામા કે ધોરીયા વાટે પાણી પાવાના હકકથી વંચિત કરી, ખેતીકામની કામગીરીમા અડચણ અટકાયત કરે કરાવે નહીં કે સદરહુ વાદગ્રસ્ત જમીનને નુકશાન થાય તેવુ કોઈપણ કૃત્ય કરે કરાવે નહીં કે સદરહુ ખેતીની જમીનમા વાદીઓને રસ્તા પરથી પ્રવેશ કરતા કે પાણી ધોરીયા વાટે પીયત કરતા કે ખેતી કામ કરતા અટકાયત અવરોધ કરે કરાવે નહી તેવો દાવાના નિકાલ સુધીનો વચગાળાનો પ્રતિબંધનાત્મક મનાઈ હુકમ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા તથા,

(સી) આ અરજીનુ તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા,

(ડી) આ અરજીને અનુસંધાને બીજી વ્યાજબી મળી શકતી તમામ દાદો અપાવવા ન્યાયના હીતમા હુકમ કરવા નમ્ર અરજ છે.

(૨.૧) વાદી તરફે આંક–૦૪ તથા આંક–૧૯ થી રજુ થયેલ દસ્તાવેજોનું લીસ્ટ જોતા નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

| **અનુ. નં.** | **દસ્તાવેજની વિગત** | **માર્ક** |
|---|---|---|
| ૧ | વાદીના સંયુકત નામે આવેલ શીલ ગામે ગામ નમુના નં.૮–અ ખેડ ખાતા નં.૧૨૪ ની નકલ | ૪/૧ |
| ૨ | વાદીના સંયુકત નામે આવેલ શીલ ગામના રે.સર્વે નં.૨૩૯/૨ ના ગામ નમુના નં.૭ અને ૧૨ ની નકલ. | ૪/૨ |
| ૩ | વાદીના સંયુકત ખાતાની ખેતીની જમીન અંગે ગામ નમુના નં.૬ હકક પત્રકના નોંધ નં.૨૬૩ ની નકલ. | ૪/૩ |
| ૪ | વાદીના સંયુકત ખાતાની ખેતીની જમીન અંગે ગામ નમુના નં.૬ હકક પત્રકના નોંધ નં.૩૬૬૦ ની નકલ. | ૪/૪ |
| ૫ | વાદીના સંયુકત ખાતાની ખેતીની જમીન અંગે ગામ નમુના નં.૬ હકક પત્રકના નોંધ નં.૪૦૬૩ ની નકલ. | ૪/૫ |
| ૬ | વાદીના સંયુકત ખાતાની ખેતીની જમીન અંગે ગામ નમુના નં.૬ હકક | ૪/૬ |

| | | |
|---|---|---|
| | પત્રકના નોંધ નં.૪૬૧૬ ની નકલ. | |
| ૭ | પ્રતિવાદીના સંયુકત નામે આવેલ શીલ ગામે ગામ નમુના નં.૮–અ ખેડ ખાતા નં.૮૨ ની નકલ | ૪/૭ |
| ૮ | વાદીના સંયુકત નામે આવેલ શીલ ગામે ગામ નમુના નં.૭ સર્વે નં. ૨૩૯ /૧/પૈ.૨ ની નકલ | ૪/૮ |
| ૯ | વાદી તથા પ્રતિવાદીઓના ખેતરનો સમાવેશ થતા શીલ ગામની સીમતળની ખેતીની જમીનનો ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકર્ડ શાખાની ખરી નકલની ઝેરોક્ષ | ૪/૯ |
| ૧૦ | વાદી તથા પ્રતિવાદીના મુળ ખેતર સર્વે નં.૨૩૯ શીલ ગામની ખેતીની જમીનની ડીસ્ટ્રીકટ ઈસ્પેકટર લેન્ડ રેકર્ડ શાખાની ટીપ્પણની ખરી નકલની ઝેરોક્ષ | ૪/૧૦ |
| ૧૧ | વાદી તથા પ્રતિવાદીઓના ખેતરનો કોમ્પ્યુટરાઈઝડ રફ સ્કેચ, કુવો અને રસ્તાનો વિગતો દર્શાવતોની નકલ | ૪/૧૧ |
| ૧૨ | વાદીઓએ મામલતદાર કચેરી માંગરોળ આપેલ અરજીની નકલ | ૪/૧૨ |
| ૧૩ | વાદી નં.૫ નાએ પ્રતિવાદીઓ સહીત અન્યએ વાદીઓના બીજા ખેતર સર્વે નં.૨૩૬/૨ મા આવેલ મકાનમા જવા આવવાનો રસ્તો પત્થરોથી બંધ કરી દેતા શીલ પોલીસ સ્ટેશનમા આપેલ ફરીયાદ | ૧૯/૧ |
| ૧૪ | વાદવાળા કુવેથી વાદીના કુવામા પાણી પિયત કરવા માટે આવેલ ઈલેકટ્રીક કનેકશાન ગ્રાહક નં.૮૦૪૧૬૦૧૦૦૦૮ વાળુ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. નુ કેલેન્ડર વર્ષ ૨૦૨૪ માટે ભરવા પાત્ર થતી રકમનુ વિવરણ અંગેનુ બીલ | ૧૯/૨ |
| ૧૫ | વાદવાળા કુવેથી વાદીના કુવામા પાણી પિયત કરવા માટે આવેલ ઈલેકટ્રીક કનેકશાન ગ્રાહક નં.૮૦૪૧૬૦૧૦૦૦૮ વાળુ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.ના બીલના પૈસા ભર્યાની પહોંચ | ૧૯/૩ |
| ૧૬ | વાદીઓના ખેતરમા જવા આવવાના ગાડાવટના રસ્તાના ચિલા અંગે પ્રતિવાદીઓએ રસ્તો તથા ધોરીયો ખેડી નાખી બંધ કરી દીધેલ, તેમા નાળીયેરી વાવી દીધેલ હોવાની હકિકત દર્શાવતા ફોટોગ્રાફ | ૧૯/૪ |
| ૧૭ | વાદીઓા બીજા ખેતરમા જવા આવવાના રસ્તા આડે જેસીબી મશીન મારફતે વાદીઓના ખેતર સર્વે નં.૨૩૬/૨ મા આવેલ મકાનમા જવા આવવાના રસ્તા આડે પત્થરોની બંધ કરી દીધા બાદી સ્થિતી દર્શક ફોટોગ્રાફ. | ૧૯/૫ |
| ૧૮ | વાદીઓના વાદવાળા સર્વે નં.૨૩૯/૨ વાળા ખેતરમા જવા આવવાના દાવા અગાઉના અને બાદના ગાડાવટના રસ્તા અને પાણીના ધોરીયા, અને દાવા બાદ રોજકામના આગલા દિવસે સાંજે જેસીબી મારફતે પત્થરોથી બીજા સર્વે નં.૨૩૬/૨ મા આવેલ મકામા જવા આવવાનો રસ્તો બંધ કરતા હોવાનુ વીડીયો રેકોડીંગ અંગે મોબાઈલ મારફતે ઉતારેલ વીડીયો શુટીંગ અને ફોટા પાડેલ જેની ડીવીડી બનાવડાવેલ છે. જે બે ફોલ્ડરમા સમાવેશ કરેલ છે તેની કોપી | ૧૯/૬ |
| ૧૯ | જે.કે.સ્ટુડીયો વાળા પાસે વાદીના મોબાઈલમાથી વિડીયો તથા ફોટોગ્રાફની ડીવીડી બનાવેલ તેના બીલની ઓરિઝનલ કોપી | ૧૯/૭ |
| ૨૦ | વાદી નં.૪ રામજીભાઈ સામતભાઈ ભરડાનુ સોગંદનામું | ૧૯/૮ |

| | | |
|---|---|---|
| ૨૧ | વાદી નં.૭ ના પુત્ર જેનીશભાઈ કમલેશભાઈ ભરડાનુ સોગંદનામું | ૧૯/૯ |
| ૨૨ | મોહનભાઈ ઉકાભાઈ વાઢેરનુ સોગંદનામું | ૧૯/૧૦ |
| ૨૩ | મોહનભાઈ દેવરાજભાઈ ભરડાનુ સોગંદનામું | ૧૯/૧૧ |
| ૨૪ | હીરાભાઈ દેવાભાઈ ભરડાનુ સોગંદનામું | ૧૯/૧૨ |

માર્ક–૯/૩ થી કોર્ટ કમીશ્નરશ્રીએ કરેલ રોજકામ તથા રફ નકશો ધ્યાને લેવા વાદીએ અરજ કરેલ છે.

– આંક–૨૦ થી વાદી નં.૩ દીનેશભાઈ સામતભાઈ ભરડાનુ પ્રતિવાદીના જવાબ સંદર્ભે કાઉન્ડર એફીડેવીટ રજુ થયેલ છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને દાવા સમન્સ તથા મનાઈ અરજીની નોટીસની બજવણી થતા પ્રતિવાદીઓએ વ.શ્રી વાય.આઈ.કાલવાત મારફતે હાજર થઈ આંક–૧૬ થી દાવા તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે. પ્રતીવાદી પક્ષે દાવા જવાબમા લીધેલ મુખ્ય તકરાર તથા તે સબંધે રજુ કરેલ લેખીત દલીલ તથા મૌખીક રજુઆત ધ્યાને લઈએ તો પ્રતીવાદી પક્ષે રજુઆત કરતા જણાવેલ છે કે વાદીએ દાવા અરજીમા મનાઈ હુકમ સબંધેની યોગ્ય દાદ માંગેલ નથી જેથી વચગાળાની મનાઈ અરજી ટકવાપાત્ર ન હોય રદ/નામંજુર કરવા અરજ કરેલ છે.

વાદીઓએ પોતાની જમીનમા આવવા જવાના રસ્તા તથા પિયત કરવાના ધોરીયાની રજુઆત કરતા પ્લીડીંગ વાળો કેશ લાવેલ છે. પરંતુ તે સબંધેનો કોઈ સચોટ પુરાવો રજુ કરેલ નથી. તેમજ વાદીની વચગાળાની મનાઈ હુકમની અરજીનુ પ્લીડીંગ ધ્યાને લેતા સી.પી.સી. ની જોગવાઈઓથી વિરૂધ્ધનુ હોય મનાઈ અરજી કાયદેસર રીતે ટકવા પાત્ર ન હોય રદ કરવા અરજ કરેલ છે . વધુમા રજુઆત કરેલ છે કે વાદીએ પ્રતીવાદી પક્ષના તમામ ખાતેદારોને પક્ષકાર તરીકે જોડેલ ન હોય અસરકારક પક્ષકારોની ગેરહાજરીમા કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ મંજુર થઈ શકે નહીં. વાદીઓ તેની વચગાળાની મનાઈ અરજીમા મહત્વની તકરાર પોતાના રસ્તા અને ધોરીયાની લઈને આવેલા છે. ખરેખર વાદીઓનો રસ્તો કે ધોરીયો પ્રતિવાદીની ખેતીની જમીનમાથી હકક હોય તે સબંધેનો લેખિત પુરાવો દાવા સાથે જોડેલ નથી. વાદીઓ પોતાનો દાવો દાખલ કરતી વખતે સી.પી.સી. ઓ.–૭ રૂલ–૧૪ મુજબ પોતાના કેસનો જે દસ્તાવેજ ઉપર ભાર(જે તેના કેસનો મહત્વનો દસ્તાવેજી પુરાવો)હોય તે દસ્તાવેજ રજુ રાખેલ ન હોય અરજી રદ કરવા દલીલ કરેલ છે.

વાદીઓના જણાવ્યાનુસાર રેવન્યુ સર્વે નં.૨૩૭ પૈકીના કુવેથી વાદી તથા પ્રતીવાદીને પિયતનો હકક હોવાની તકરાર નથી પરંતુ વાદીઓની પોતાની ખેતીની જમીમા કુલ–૨ કુવાઓ આવેલા છે. અને તે સબંધેની નોંધ રેવન્યુ રેકર્ડ માર્ક–૪/૨ મા નોંધાયેલ છે. અને તે કુવાનો ઉપયોગ પિયત કરવામા વાદીઓ કરે છે. અને તે પૈકી વાદીઓના ખેતરમા કુવો તથા ધોરીયો આવેલ હોવાની નોંધ માર્ક–૯/૩ । રોજકામમા તથા માર્ક–૯/૪ ના નકશામા કમિશ્નરશ્રીએ નોંધેલ છે. જેથી વાદીઓની જમીનોમા ૨–કુવો આવેલા હોવાી હકીકતો રેવન્યુ રેકર્ડ (માર્ક–૪/૨)ઉપરથી સ્પષ્ટ થાય છે. જેથી વાદીને રેવન્યુ સર્વે નં.૨૩૭ પૈકીના કુવેથી પિયત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

વધુમા રજુઆત કરેલ છે કે આ કામના વાદીઓની જમીનની ઉતર દીશાએ ઈશાન ખુણે મોહન દેવરાજની જમીન રેવન્યુ સર્વે નં.૨૪૨ ની પશ્ચિમ દીશાએથી ઉતર–દક્ષિણ વાદીઓના ખેતર સુધી જતો રસ્તો આવેલો છે. અને તે રસ્તેથી વાદીઓ દાવાવાળી ખેતીની જમીન સર્વેનં. ૨૩૯/૨ મા અવર–જવર કરે છે. અને તે રસ્તાનો ઉપયોગ ઉપભોગ વાદીઓ વર્ષોથી કરતા આવેલા છે. પ્રતિવાદીની જમીમા વાદીઓનો કોઈ રસ્તો કે ધોરીયો નથી. જેથી પ્રતિવાદીની ખેતીની જમીમાથી બાપદાદાના વખતથી રસ્તો તેમજ ધોરીયો આવેલ હોવા સબંધેનો પ્રશ્ન રહેતો નથી.

પ્રતિવાદીની ખેતીની જમીનમા નારીયેળીનુ વાવેવતર આવેલ છે. પ્રતિવાદી ની ખેતીની જમીનમા તેઓ પિયત કરે છે. પ્રતિવાદી ખેતીની જમીનમા નારીયેળીના ઝાડવાઓ આશરે બે થી ત્રણ વર્ષથી વયના ઝાડવા આવેલા છે. જેની ઉંચાઈ લગભગ ૬ થી ૭ ફુટની છે. આ ઝાડવાની વિગત વાદીએ સ્પષ્ટ રીતે કબુલ કરેલી છે અને તે વિગતો કમિશ્નરશ્રીએ માર્ક–૯/૩ તથા ૯/૪ મા નોંધેલી છે. રોજકામ અને નકશો ધ્યાને લેતા કમિશ્નરશ્રીએ કયાંય પણ નોંધેલ નથી કે પ્રતિવાદીએ નવા ઝાડવાઓ તાત્કાલીક વાવેતર કરેલ હોય. ખરેખર પ્રતિવાદીની આખી ખેતીની જમીનમા નારીયેળી ઝાડવાઓ આવેલા છે. ખેતરમા ધોરીયો કે રસ્તો આવેલ નથી.

આ કામે વાદીઓએ કરાવેલ રોજકામ અને નકશો ધ્યાને લેવામા આવે તો રોજકામ પેઈજ નં.(૩) ઉપરની (૧૭)મી લીટીની વિગતો નીચે મુજબ પુનરાવર્તન કરીએ છીએ. ''બાવળના ઝાડવા બાદ પ્રતિવાદીના પુર્વ બાજુના વાદીના પશ્ચિમ બાજુના સેઢો વચ્ચે જે આશરે એકાદ ફુટનો ઉંચો સળંગ જોવામા આવે છે.'' સદર કમિશ્નરશ્રીએ નોંધેલ રોજકામની નોંધ જોતા વાદીઓ અને પ્રતિવાદીઓની જમીનને અલગ પાડતો એક

ફુટ ઉંચાઈનો સેઢો આવેલ હોવાનુ નોંધેલ છે જેથી એ સ્પષ્ટ થાય છે કે ખરેખર પ્રતિવાદી જમીન અને વાદીઓની જમીન જુદા જુદા ભાગમા આવેલી છે. પ્રતિવાદીની જમીનમાથી વાદીઓની જમીનમા જવા માટે રસ્તો કે ધોરીયો કમિશ્નરશ્રી રોજકામ તથા નકશો કરતી વખતે જોવામા આવેલ નથી. આવા કોઈ હદ નિશાનો પણ જોવામા આવેલ નથી. રસ્તો કે ધોરીયો ખેડી નાખેલ હોવાના તાજેતરા કોઈ નીશાન રોજકામ કે નકશામા નોંધાયેલ નથી.

પ્રતીવાદી પક્ષે રજુઆત કરેલ છે કે વાદીઓએ રજુ રાખેલ માર્ક–૪/૯ વાળા રેવન્યુ નકશો તથા માર્ક–૪/૧૦ થી ટીપ્પણ ધ્યાને લેવામા આવે તો વાદીઓા જણાવ્યા મુજબના રસ્તાનો કોઈપણ જગ્યાએ નોંધ કે હદ–નિશાન નથી. તુટક રેખા સ્વરૂપે મુળ રસ્તેથી વાદીઓના ખેતર સુધી રસ્તો આવેલ હોવાની નીશાનીઓ નથી. જેથી માર્ક–૪/૯ તથા ૪/૧૦ ના નકશો/ટીપ્પણ વાદીઓના કેશને સમર્થન કરતો નથી.

વધુમા રજુઆત કરેલ છે કે માર્ક–૪/૧૨ થી વાદી નં.(૫) તથા વાદી નં.(૧)ના પુત્રએ રસ્તો અને ધોરીયા બાબતે મામલતદારશ્રી માંગરોળ સમક્ષ અરજી કરેલી. અને તે અરજીમા ઘણી બાબતો ખોટી ઉભી કરીને જણાવેલી. સદરહુ અરજી જોવામા આવે તો સિવીલ તકરારો દર્શાવતી વિગતો નોંધેલ છે. ખરેખર મામલતદારશ્રી રસ્તો અને ધોરીયા સબંધેની તકરારનુ નિવારણ કરવા માટે મામલતદાર કોર્ટ એકટી કલમ–૫ મુજબ સતા રહેલી છે. પરંતુ વાસ્તવિક રીતે મામલતદારશ્રી સમક્ષની વાદીઓી અરજીમા કોઈપણ પ્રકારનુ તથ્ય ન હોય માત્ર મોઢાની વાતો લખીને અરજી આપેલ હોય જેથી મામલતદારશ્રીએ આ અરજી સબંધે કોઈ કાર્યવાહી કરેલ નથી. અરજી માત્ર દાવાુ ખોટુ કારણ ઉભુ કરવા માટે કરેલી છે. જેથી માર્ક–૪/૧૨ વાળી અરજી વાદીઓના કેશને સમર્થન કરતી નથી. વધુમા રજુઆત કરેલ છે કે પક્ષકારોના વડીલોના વખતથી ખેતીની જમીન સર્વે નં.૨૩૯ આવેલ અને ત્યારબાદ ભાયભાગ પડેલ હતા. પરંતુ પ્રતિવાદીઓની ખેતીની જમીમા વાદીઓનો રસ્તો કે ધોરીયો આવેલ હોય તેવા હકકો આપવામા આવેલ નથી કે તે સબંધેની વિગતો ભાયાભાગની નોંધમા કરવામા આવેલ નથી. ભાયાભાગ પડયા ત્યારથી સ.નં. ૨૩૯/૧/પૈ–૨ નો કબજો પ્રતિવાદીઓનો છે.

વાદીઓની જણાવ્યા મુજબનો વાદીઓના ખેતરમા આવવા જવાનો ગાડાવટનો માર્ગ ૮ ફુટનો રસ્તો તથા ખેતર પિયત કરવા માટેનો ધોરીયાના હકકો બન્ને પક્ષકારોના ખેતરની દક્ષિણ દીશાએ આવેલ હોવાનુ ખરૂ નથી. ખરેખર વાદીઓના કહેવા મુજબનો કોઈ રસ્તો કે ધોરીયાના હકકો આવેલ નથી. પ્રતિવાદીની ખેતીની જમીનની

દક્ષિણ દીશા તરફ વાદીઓનો રસ્તો કે ધોરીયો બાપ દાદાના વખતથી જેમનો તેમ આવેલ હોવાનુ વાદીઓએ ખોટુ જણાવેલ છે. આવો કોઈ રસ્તો કે ધોરીયો સ્થળ ઉપર નથી કે કદી હતો નહીં. વાદીઓની જમીનમા આવવા જવા માટેનો વૈકલ્પિક રસ્તો નહી હોવાની હકીકત વાદી ખોટી જણાવે છે. વાદીઓના જણાવ્યા મુજબનો પ્રતિવાદીની ખેતીની જમીમાથી કોઈ ગાડામાર્ગ કે ધોરીયો આવેલ નથી. અને તે રસ્તો આશરે ૪૫ થી ૫૦ વર્ષથી આવેલ હોવાનુ અને તે રસ્તાો વાદીઓ ઉપયોગ,ઉપભોગ વર્ષોથી કરતા હોવાનુ ખરૂ નથી.

પ્રતીવાદી પક્ષે રજુઆત કરેલ છે કે વાદીઓની ખેતીની જમીની ચતુઃસીમા અંશતઃ ખરી છે. અંશતઃ ખરી નથી. પુર્વ દીશા તરફ કોળી પાંચા અરજણની જમીન હોવાનુ ખરૂ છે. પશ્ચિમ દીશાએ પ્રતિવાદી ઓની જમીન છે પરંતુ પ્રતિવાદીની જમીનની દક્ષિણ તરફા સેઢે વાદીઓના આવવા જવાનો ગાડામાર્ગ તથા પાણીનો ધોરીયો ખેડી નાખી ઝાડવા વાવેલ હોવાનુ ખરૂ થી. ઉતર દીશા તરફ કચરા ઉકાની જમીન હોવાનુ ખરૂ છે. તેમજ દક્ષિણ દીશાએ હીરા દેવાની જમીન આવેલ હોવાનુ ખરૂ છે.

પ્રતીવાદી પક્ષે રજુઆત કરેલ છે કે વાદીઓની વચગાળાની મનાઈ હુકમની ખરેખર પ્રતિવાદીઓ અને વાદીઓની જમીનની વચ્ચે ઉતર–દક્ષિણ સેઢો આવેલો છે. તે સેઢ ો નામ.કોર્ટના કમિશ્નરશ્રીએ રોજકામના પેઈજ નં.૩ ઉપર સ્પષ્ટ નોંધેલ છે. જેથી પ્રતિવાદીઓએ વાદીની ખેતીની જમીનમા દબાણ કરવાનો પ્રશ્ન રહેતો નથી. વાદીઓ હળાહળ જુઠા છે. માપણી કરવા અને હદ નીશાન નાખીને વણાંકી લેવા સબંધે કોઈ વાત થયેલ નથી. રસ્તો કે ધોરીયો આવેલ જ ન હોય જેથી આવવા જવા કે ખેડી નાખવાનો પ્રશ્ન રહેતો નથી. વધુમા રજુઆત કરતા જણાવે છે કે પ્રતિવાદીઓએ વર્ષ–૨૦૨૩ ના ૧૦મા મહીના પછી આજદીવસ સુધી વાદીઓની સામે કોઈ ફરીયાદ કરેલ નથી કે આવુ કોઈ રેકર્ડ વાદીઓએ રજુ કરેલ નથી.

વાદીઓ મામલતદારશ્રી સમક્ષની કલમ–૫ મુજબની કાર્યવાહી અધુરી મુકીને હાલનો દાવો લાવેલા છે. પ્રથમ તા.૧૩/૧૦/૨૦૨૩ ની અરજીનો મામલતદારશ્રીનો નિર્ણય થવાની રાહ જોવી જોઈએ માટે વાદીની અરજી ટકવાપાત્ર નથી.

પ્રતીવાદી પક્ષે રજુઆત કરતા જણાવેલ છે કે નામ.અદાલતના કમિશ્નરશ્રીએ નોંધેલ માર્ક–૯/૪ નો નકશો નજરે લેવામા આવે તો વાદીની ખેતીની જમીનમા પિયત કરવા માટેનો પોતાો અંગત કુવો આવેલ છે. એવી જ રીતે તેની જમીનનુ રેવન્યુ રેકર્ડ માર્ક–૪/૨ ધ્યાને લેવામા આવે તો પોતાની જમીનમા કુલ–૨ કુવા આવેલ

હોવાની બીજા હકકમા નોંધ થયેલ છે. જેથી વાદીને પિયત કરવાની જરૂરીયાત હોવાનુ તદન ખોટુ જણાવેલ છે.

પ્રતિવાદીની જમીનમાથી વાદીઓના જણાવ્યા મુજબ રસ્તા કે ધોરીયા સબંધે આદેશાત્મક મનાઈ હુકમ આપવામા આવે તો પ્રતિવાદીની માલીકીની ખેતીની જમીનમા વાદીઓના નવા હકકો ઉભા થાય તેમ છે. પ્રતિવાદીની જમીનમાંથી વાદીઓનો નવો રસ્તો અને ધોરયો બનાવવામા આવે તો પ્રતિવાદીના કાયદેસરા માલીકીના હકકો ઉપર તરાપ લાગે તેમ છે. પ્રતિવાદીઓને નાણામા બદલો ન વળી શકે તેવુ ભારે નુકશાન જાય તેમ છે. પ્રતિવાદીની જમીનમા વાદીઓના કોઈ હકકો સમાયેલ ન હોવા છતા નવા હકકો ઉભા કરવા નામ.અદાલત સમક્ષ આદેશાત્મક મનાઈ હુકમની માંગણી લઈને આવેલા છે. ખરેખર વાદીઓનો મુખ્ય માર્ગ તેની જમીના ઈશાન ખુણે આવેલો છે. અને ત્યાંથી જ વાદીઓ અવરજવર કરે છે. પિયત કરવા માટે વાદીઓ પાસે કુલ–ર કુવાઓ છે. પ્રતિવાદીની જમીનમા નવા હકકો ઉભા કરવા માટેનો ગેરકાયદેસરનો પ્રયાસ છે. વાદીઓને કોઈપણ પ્રકારનો મનાઈહુકમ આપવામા આવે તો પ્રતિવાદીઓના હકકોનુ રક્ષણ થાય તેમ નથી. પ્રતિવાદી તેમની માલીકીની જમીન ભોગવટો કરતા વંચિત રહે તેમ છે. બેલેસ ઓફ કન્વીનીયન્સ વાદીઓની તરફેણમા નથી. વાદીઓને કોઈપણ પ્રકારનુ નુકશાન જાય તેમ નથી. વાદીઓનો પ્રાઈમાફેશી સ્ટ્રોંગ કેશ નથી.

પ્રતીવાદી પક્ષે ભારપુર્વક રજુઆત કરતા જણાવેલ છે કે વાદીઓની વચગાળાની મનાઈ હુકમની માગ્યા મુજબની દાદ મંજુર કરવામા આવે તો દાવાનો આખરી નીકાલ થય જાય તેવા સ્વરૂપની દાદ છે. દાવાનો નીકાલ થાય તેવી દાદ વચગાળાના સ્ટેજે મં જુર થઈ શકે નહીં. આદેશાત્મક મનાઈ હુકમ મંજુર થાય તેવો મજબુત પુરાવો વાદીઓએ રજુ કરેલ નથી. જેથી વાદીઓના કેશના સંજોગો જોતા વાદીી દાદ(એ)મુજબો આદેશાત્મક મનાઈ હુકમી દાદ મંજુર થઈ શકે નહીં.

દાદ(બી)સબંધે જણાવવાનુ કે, દાદ(એ)વચગાળાના મનાઈ હુકમની અરજીની મુખ્ય દાદ છે. જયારે મુખ્ય દાદ મંજુર થવા પાત્ર ન હોય ત્યારે દાદ (બી)મંજુર થઈ શકે નહીં. વાદીઓ જે રસ્તો એ ધોરીયાની વિગતો પ્લીડીંગમા જણાવે છે તેવો રસ્તો કે ધોરીયો પ્રતિવાદીની જમીનમા આવેલ ન હોય જેથી રસ્તા પરથી પ્રવેશ કરતા કે પાણી ધોરીયા વાટે પીયત કરતા કે ખેતીકામ કરતા અટકાયત, અવરોધ કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. જેથી દાવાના આખરી નીકાલ થતા સુધીનો વચગાળાનો મનાઈહુકમ મંજુર થઈ

શકે હીં. જેથી વચગાળાના મનાઈ અરજીની દાદ(એ) થી (ડી) મંજુર થઈ શકે નહીં. આંક–પ રદ કરવા અરજ છે.

આ કામા વાદીઓની વચગાળાા મનાઈ હુકમની અરજી રદ કરવા અરજ છે. તેમજ વાદીઓએ તેના આંક–૧ વાળી દાવા અરજીમા કાયમી મનાઈ હુકમ સબંધેની દાદ માંગેલ ન હોય વચગાળાા મનાઈ હુકમની અરજી મંજુર થઈ શકે નહીં. પ્રતીવાદી પક્ષે ભારપુર્વક રજુઆત કરતા જણાવેલ છે કે કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ ન હોય તેવા સંજોગોમા કામચલાઉ મનાઈ હુકમની દાદ મંજુર કરી શકાય નહી તે સબંધે આંક–૨૫ થી રજુ કરેલ લેખીત દલીલમા જણાવેલ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ધ્યાને લેવા રજુઆત કરેલ છે. તેમજ વિશેષમા રજુઆત કરતા જણાવેલ છે કે દાવાની તારીખે જે સ્થીતી હોય તે બીન તકરારી સ્થીતી સ્થાપીત કરવા માટે અસાધારાણ સંજોગોમા આદેશાત્મક કામચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર કરી શકાય. હાલના કેસમા વાદીની અરજીની હકીકતો ધ્યાને લેતા તા.૧૨/૧૦/૨૦૨૩ ના અરસામા પ્રતીવાદીઓ દવારા રસ્તો તથા ધોરીયો ખેડી નાખેલાના આક્ષેપ કરેલ છે જયારે હાલનો દાવો ફેબ્રુઆરી–૨૦૨૪ મા તે લગભગ ચાર માસ બાદ દાખલ કરેલ હોય વાદીના જણાવ્યા મુજબની સ્થીતી દાવા તારીખે હોવાનુ પ્રાથમીક દ્રષ્ટિએ વાદી રેકર્ડ પર લાવી શકેલ ન હોય લેખીત દલીલમા જણાવેલ સંપતરાજ સી શાહ વિરુધ્ધ લાજપતરાય સી અગ્રવાલ , એ.આઈ.આર–૨૦૦૦ ગુજ–૬૭ નો ચુકાદો ધ્યાને લઈએ વાદીની અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ છે.

(૩.૧) પ્રતિવાદીઓ તરફે આંક–૨૩ થી રજુ થયેલ દસ્તાવેજોનું લીસ્ટ જોતા નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

| **અનું. નં.** | **દસ્તાવેજની વિગત** | **માર્ક** |
|---|---|---|
| ૧ | શીલ ખેડ ખાતા નં.૮૨ ની ગામ નમુના નં.૮–અ ની ખરી નકલ | ૨૩/૧ |
| ૨ | શીલના રે.સ.નં.૨૩૬/પૈ.૧ ની ગામ નમુનો નં.૭ ની ખરી નકલ | ૨૩/૨ |
| ૩ | શીલના રે.સ.નં.૨૩૯/૧/પૈ.૨ ની ગામ નુમનો નં.૭ ખી નકલ નકલ | ૨૩/૩ |
| ૪ | હકક પત્રક નોંધ નં.૨૭૭૬ ની ૬ નંબરની ખરી નકલ | ૨૩/૪ |
| ૫ | રે.સર્વે નં.૨૩૯/૧/પૈ.૧ ની ગામ નમુના નં.૭ ની ખરી નકલ | ૨૩/૫ |
| ૬ | રે.સર્વે નં.૨૩૮ ની ગામ નમુના નં.૭ ની ખરી નકલ | ૨૩/૬ |
| ૭ | ફોટોગ્રાફ નં.૧ અસલ | ૨૩/૭ |
| ૮ | ફોટોગ્રાફ નં.૨ અસલ | ૨૩/૮ |

| | | |
|---|---|---|
| ૯ | ફોટોગ્રાફ નં.૩ અસલ | ૨૩/૯ |
| ૧૦ | ફોટોગ્રાફ નં.૪ અસલ | ૨૩/૧૦ |
| ૧૧ | ફોટોગ્રાફ નં.૫ અસલ | ૨૩/૧૧ |
| ૧૨ | ફોટોગ્રાફ નં.૬ અસલ | ૨૩/૧૨ |

માર્ક–૨૧/૨ થી કોર્ટ કમીશ્નરશ્રીએ કરેલ રોજકામ તથા માર્ક–૨૧/૩ થી રજુ થયેલ રફ નકશો ધ્યાને લેવા પ્રતિવાદીએ અરજ કરેલ છે.

(૪) આ કામે વાદીઓ તરફે વિ.વ.શ્રી એચ.એમ.અધ્યારુએ આંક–૨૪ થી રજુ કરેલ લેખીત દલીલ વંચાણે લીધી.

પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી વાય.આઈ.કાલવાતની આંક–૨૫ થી રજુ થયેલ લેખીત દલીલ વંચાણે લીધી. તથા પ્રતિવાદીએ તેમની લેખીત દલીલના સમર્થમા રજુ કરેલ (૧) જયન્તીલાલ વિરૂધ્ધ ભગવાનદાસ વિ.ખતરી અને બીજા (જી.એલ.એચ.૨૦૦૧)(૨૫૨), (૨) ગુજરાત વિદ્યુત બોર્ડ વિરૂધ્ધ મહેશકુમાર એન્ડ કો.(એ.આઈ. આર. ૧૯૮૨ ગુજરાત)(૨૮૯), (૩) સંપતરાજ સી. શાહ વિ. લાજપતરાય સી. અગ્રાવાલ (એ.આઈ.આર.–૨૦૦૦) ગુજ.૬૭), (૪) ઝંડારામ વિ. પ્રહલાદરાય (એ.આઈ.આર. ૧૯૬૩)(ગુજ.૧૬૦), (૫) જુસ્ટીનીનાઓ અન્ટરો વિ. બેરેન્દેટટી બી પીરીરા (એસ.સી.સી.–૨૦૦૫)(૪૭૧), (૬) ઈશ્વરભાઈ એલીષ વિ. ભાનુશાલી હીરાલાલ (એ.આઈ.આર. –૨૦૦૨ ગુજ.)(૩૨૮) ના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા.

## –:: નીર્ણય માટેના કા ર ણો ::–

(૫) વાદીઓની આંક–૫ ની મનાઈ હુકમની અરજી, પ્રતિવાદીઓનો જવાબ તેમજ બન્ને પક્ષે રજુ કરેલ રજુ કરેલ દસ્તાવેજો તથા નામ. વડી અદાલતના ચુકાદાઓ તેમજ મૌખિક રજૂઆત ધ્યાને લીધી. સૌપ્રથમ વાદીની આંક–૫ ની અરજીના ગુણદોષની ચર્ચા કરતા પહેલા પ્રતીવાદી પક્ષે હાલની અરજી સબંધે જે કાયદાકીય તકરારો લઈ નામ.વડી અદાલતોના જે ચુકાદાઓ રજુ કરેલ છે તે ચુકાદાઓના સંદર્ભમા ચર્ચા કરીએ તો પ્રતીવાદી પક્ષે ભારપુર્વક રજુઆત કરી એવી તકરાર લેવામા આવેલ છે કે આ કામે વાદીએ આંક–૧ વાળી દાવા અરજીમા કાયમી મનાઈ હુકમની કોઈ દાદ માંગેલ નથી માટે નામ.વડી અદાલતો તેમજ નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમા ઠરાવેલ સિધ્ધાંત અનુસાર

જયારે કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ ન હોય તેવા સંજોગોમા કામચલાઉ મનાઈ હુકમની દાદ મંજુર કરી શકાય નહી. સૌપ્રથમ પ્રતીવાદીની તકરાર નજર સમક્ષ રાખી વાદીની આંક–૧ વાળી દાવા અરજીના દાદના પેરા–૧૩ ની હકીકત ધ્યાને લઈએ તો વાદી દવારા પેરા–૧૩(એ), (બી),(ડી), મા જાહેરાતની દાદ માંગેલ છે તથા પેરા–૧૩(સી) તથા ૧૩(ઈ) મા પ્રતીવાદીઓ વિરુધ્ધ **વચગાળાનો મનાઈ હુકમ** ફરમાવવા દાદ માંગેલ છે. પેરા–(એફ) અને (જી)મા અન્ય આનુસંગીક અને સુસંગત દાદ અપાવવા તેમજ વાદીના લાભમા હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે. આમ, વાદીની આંક–૧ વાળી દાવા અરજી ધ્યાને લેતા તેમા તેઓએ **પ્રતીવાદીઓ વિરુધ્ધ કોઈ પણ પ્રકારના કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ નથી.** પ્રતીવાદી પક્ષે રજુ કરેલ ગુજરાત વિદ્યુત બોર્ડ વિરૂધ્ધ મહેશકુમાર એન્ડ કો.(એ.આઈ. આર. ૧૯૮૨ ગુજરાત)(૨૮૯) નો ચુકાદો ધ્યાને લઈએ તો તેના પેરા–૯ મા ઠરાવેલ છે કે , There is settled principles of law that in a suit where no permanent injunction was sought for, ordinarily a temporary injunction can not be granted.

તેમજ પ્રતીવાદી પક્ષે રજુ કરેલ ઈશ્વરભાઈ એલીષ વિ. ભાનુશાલી હીરાલાલ (એ.આઈ.આર. –૨૦૦૨ ગુજ.)(૩૨૮) ના ચુકાદામા નામ.ગુજરાત હાઈકોર્ટ દવારા પેરા નં.૪,૫ મા ઠરાવેલ છે કે ,

4. In the case of Gujarat Electricity Board v/s. M/s.Maheshkumar and Company, reported in 1982 (2) GLR 479. This Court has observed as follows :

   "It is also a settled principle of law that in a suit where there is no permanent injunction sought for, in the final analysis, ordinarily a temporary injunction cannot be granted. The principles that govern the grant of perpetual injunction, therefore, would govern the grant of a temporary injunction also."

5. In view of the above legal position, when the plaintiff has not prayed for a decree for perpetual injunction in terms of para-9(a) of the application Exh.5 an interim injunction cannot be granted to the plaintiff. The learned Judge of the trial Court has assigned reasons for arriving at a decision for refusing the interim injunction.

આમ, નામ.ગુજરાત હાઈકોર્ટના સદર ચુકાદામા સ્થાપીત કરેલ સીધ્ધાંત ધ્યાને લઈએ તો વાદીએ આંક–૧ ની દાવા અરજીમા માત્ર વચગાળાના મનાઈ હુકમની જ દાદ માંગેલ છે કોઈ કામચલાઉ મનાઈ હુકમ હુકમનામુ મેળવવા માટે દાદ માંગેલ ન હોય વાદી પક્ષની અરજી સદર ચુકાદામા કરેલ અવલોકન ધ્યાનમા લેતા મંજુર કરી શકાય નહી. તેજ રીતે પ્રતીવાદી પક્ષે જયન્તીલાલ વિરૂધ્ધ ભગવાનદાસ વિ.ખતરી અને બીજા ૨૦૦૦ લો સુટ (ગુજ) ૫૨૯ વાળા ચુકાદા પર આધાર રાખી ઉપર મુજબની જ રજુઆત કરેલ છે. સદર ચુકાદો ધ્યાને લેતા નામ.ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદામા પણ અવલોકન કરેલ છે કે એ પ્રસ્થાપીત કાયદાકીય સિધ્ધાંત છે કે કાયમી મનાઈ હુકમની દાદની ગેરહાજરીમા કોઈ વચગાળાની મનાઈ હુકમની દાદ મંજુર કરી શકાય નહી. જે દાદ દાવામા નામંજુર કરી શકાય તેવી દાદ દાવાના કામે વચગાળાના સ્ટેજે મંજુર થઈ શકે નહી. આમ, સદર ચુકાદો ધ્યાને લઈએ તો તેમા પણ નામ.ગુજરાત હાઈકોર્ટે કામચલાઉ મનાઈ હુકમની દાદ સબંધે કાયદાકીય સિધ્ધાંતની ચર્ચા કરેલ છે જે ધ્યાને લેતા આ કામે વાદીએ મુળ દાવાના કામે પ્રતીવાદીઓ વિરુધ્ધ આદેશાત્મક કે પ્રતીબંધાત્મક કાયમી મનાઈ હુકમની કોઈ દાદ માંગેલ ન હોય હાલની વાદીની આંક–૫ ની અરજી લગત આદેશાત્મક કે પ્રતીબંધાત્મક વચગાળાનો મનાઈ હુકમ ફરમાવી શકાય નહી.

વાદીના વિ.વ.શ્રીએ ઉપરોકત ચુકાદા અંગે દલીલ કરતા જણાવેલ છે કે આ ચુકાદાની હકીકતો હાલના વાદીના કેસની હકીકતથી અલગ હોય વાદીની અરજીનો નીર્ણય કરતા સમયે ઉપરોકત ચુકાદો ધ્યાને લઈ શકાય નહી. વાદી પક્ષની સદર રજુઆત સાથે હુ સહમત નથી. કારણ કે સદર ચુકાદામા નામ.ગુજરાત હાઈકોર્ટ દવારા કામ ચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર કરવા સબંધે **કાયદાકીય સ્થીતી તથા કાયદાકીય સિધ્ધાંત અંગે અવલોકન કરેલ છે માટે વાદીના કેસની હકીકતો અલગ હોવાથી નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદાઓ લાગુ પાડી શકાય નહી તેવી વાદી પક્ષની દલીલ ગ્રાહય રાખવાપાત્ર નથી.** માટે સદર બન્ને ચુકાદાઓમા ઠરાવેલ કાયદાકીય સિધ્ધાંત ધ્યાને લેતા પ્રતીવાદી પક્ષની રજુઆત ગ્રાહય રાખવાપાત્ર હોય વાદીની હાલની અરજી મંજુર કરી શકાય નહી.

(૬) વધુમા વાદીની અરજી સબંધે પ્રતીવાદી પક્ષે તકરાર લઈ સંપતરાજ સી. શાહ વિ. લાજપતરાય સી. અગ્રાવાલ ૧૯૯૯ લો સુટ (ગુજ) ૪૭૪ નો ચુકાદો ટાંકી એવી

રજુઆત કરેલ છે કે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ ભાગ્યે જ કોઈ કેસોમા મંજુર કરી શકાય, દાવો દાખલ કરવાની તારીખે ઉદભવતી યથાસ્થીતી સ્થાપવા માટે મંજુર કરી શકાય. જયારે દાવો દાખલ કરવામા આવ્યો તે તારીખે જે સ્થીતી હતી તેના થી જુદી પડતી નવી સ્થીતી સ્થાપીત કરવા માટે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ મંજુર કરી શકાય નહી. વાદી પક્ષે વિરુધ્ધની રજુઆત કરતા જણાવેલ છે કે તા.૧૨/૧૦/૨૦૨૩ ના અરસામા પ્રતીવાદીઓ દવારા તેમના બાપદાદાના વખતથી ચાલ્યા આવતા અવર જવરના રસ્તાને બંધ કરી તથા સર્વે નં. ૨૩૭ વાળા ખેતરમા આવેલ મજમુ કુવામાથી વાદીના ખેતર સુધી આવતા ધોરીયાને ખેડી નાખી વાદીના હકોમા અંતરાય અવરોધ કરતા વાદી દવારા મામલતદાર કોર્ટ સમક્ષ કલમ–પ મુજબની અરજી તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ દાખલ કરવામા આવેલ હતી માટે એ જ સ્થીતી મુજબ હાલનો દાવો કરેલ હોય પ્રતીવાદી પક્ષની દલીલ લાગુ પડતી નથી તેવી રજુઆત કરેલ છે. તકરારી રસ્તા તથા ધોરીયાની હકીકત સબંધે રેકર્ડ ધ્યાને લઈએ તો વાદીએ આંક–૧ વાળી દાવા અરજી તથા આંક–પ ની કામચલાઉ મનાઈ હુકમની અરજીમા દાવાના કારણની તા.૧૨/૧૦/૨૦૨૩ ના અરસામા દર્શાવેલ છે. વાદીએ મામલતદાર કોર્ટ સમક્ષ મામલતદાર કોર્ટ એકટની કલમ–પ મુજબ તા. ૧૩/૧૦/૨૦૨૩ ના રોજ કરેલ અરજીની નકલ આ કામે માર્ક ૪/૧૨ થી રજુ કરેલ છે. પરંતુ મામલતદાર કોર્ટ સમક્ષ સદર અરજી સબંધે શુ કાર્યવાહી થઈ , કોઈ સ્થળસ્થીતીનુ પંચનામુ થયેલ કે કેમ તેની કોઈ વિગતો વાદીએ આ કામે રજુ કરેલ નથી , માત્ર એટલુ જણાવેલ છે કે મામલતદાર કોર્ટ દવારા કોઈ કાર્યવાહી કરેલ નથી. દાવાનુ રેકર્ડ ધ્યાને લઈ એ તો હાલનો દાવો વાદીએ **તા. ૨૨/૦૨/૨૦૨૪** ના રોજ દાખલ કરેલ છે એટલે કે વાદીના જણાવ્યા મુજબ દાવાના કારણની તારીખના લગભગ ચાર માસ બાદ હાલનો દાવો તથા વચગાળાના મનાઈ હુકમની અરજી રજુ થયેલ છે. જેથી સંપતરાજ સી. શાહ વિ. લાજપતરાય સી. અગ્રવાલ ૧૯૯૯ લો સુટ (ગુજ) ૪૭૪ નો ચુકાદો ધ્યાને લેતા વાદીની અરજીમા જણાવ્યા મુજબની સ્થળ સ્થીતી દાવો દાખલ કર્યાના ચાર માસ પહેલાની હોય તેમ હાલના તબકકે જણાતુ હોય વાદીના માંગ્યા મુજબ આદેશાત્મક વચગાળાના મનાઈ હુકમની દાદ મંજુર કરવાપાત્ર જણાતી નથી. વાદી પક્ષે નામ.સુપ્રીમ કોર્ટના Dorab Vs. Coomi" reported in AIR 1990 SC page no-867 ના ચુકાદા આધારે રજુઆત કરેલ છે કે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ ખાસ સંજોગોમા મંજુર કરી શકાય. વાદીનો હાલનો કેસ ખાસ સંજોગોમા પડતો હોય જો આદેશાત્મક મનાઈ હુકમ મંજુર ના કરવામા

આવે તો વાદી પોતાની ખેતીની જમીનમા અવર જવર કરી ઉપજ લઈ શકે નહી માટે પ્રતીવાદી વિરુધ્ધ વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ તથા દાવાના આખરી નીકાલ સુધી પ્રતીબંધાત્મક મંજુર કરવા રજુઆત કરેલ છે. વાદી પક્ષની રજુઆત અનુસંધાને સદર ચુકાદો ધ્યાને લઈએ તો તેમા ઠરાવેલ છે કે,

it has been held by the Hon'ble Supreme Court of India in para-14 and 15 of its pronouncement in **"Dorab Vs. Coomi" reported in AIR 1990 SC page no-867** that *"The relief of interlocutory mandatory injunctions are thus granted generally to preserve or restore the status quo of the last non-contested status which preceded the pending controversy-until the final hearing when full relief may be granted or to compel the undoing of those acts that have been illegally done or the restoration of that which was wrongfully taken from the party complaining. But since the granting of such an injunction to a party who fails or would fail to establish his right at the trial may cause great injustice or irreparable harm to the party against whom it was granted or alternatively not granting of it to a party who succeeds or would succeed may equally cause great injustice or irreparable harm, courts have evolved certain guidelines. Generally stated these guidelines are : (1) The plaintiff has a strong case for trial. That is, it shall be of a higher standard than a prima facie case that is normally required for a prohibitory injunction. (2) It is necessary to prevent irreparable or serious injury which normally cannot be compensated in terms of money. (3) The balance of convenience is in favour of the one seeking such relief. Being essentially an equitable relief the grant or refusal of an interlocutory mandatory*

*injunction shall ultimately rest in the sound judicial discretion of the Court to be exercised in the light of the facts and circumstances in each case. Though the above guidelines are neither exhaustive nor complete nor absolute rules, and there may be exceptional circumstances needing action, applying them as pre-requisite for the grant or refusal of such injunctions would be a sound exercise of a judicial discretion".*

આમ, સદર ચુકાદામા ઠરાવેલ સીધ્ધાંત ધ્યાને લઈએ તો આદેશાત્મક વચગાળાનો મનાઈ હુકમ છેલ્લી બીનતકરારી સ્થીતી જાળવી રાખવા અથવા પુર્વવ્રત કરવા મંજુર કરી શકાય પરંતુ હાલના કેસમા અગાઉ ચર્ચા કરી તે મુજબ વાદીએ દાવા તથા મનાઈ અરજીમા દાવાનુ કારણ તા.૧૨/૧૦/૨૦૨૩ ના અરસામા દર્શાવેલ છે જયારે હાલનો દાવો ફેબ્રુઆરી ૨૦૨૪ મા દાખલ કરેલ છે માટે છેલ્લી બીનતકરારી સ્થીતી તથા દાવાની તારીખે શુ સ્થીતી હતી તે વાદી પક્ષ સ્પષ્ટપણે રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમા આદેશાત્મક વગગાળાના મનાઈ હુકમ માટે વાદીનો કેસ વગગાળાના પ્રતીબંધાત્મક મનાઈ હુકમ મુજબના પ્રથમ દર્શનીય કેસ કરતા વધુ મજબુત કક્ષાનો હોવો જોઈએ. તેમજ નામ.સુપ્રીમ કોર્ટે એવુ પણ ઠરાવેલ છે કે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ મંજુર કે નામંજુર કરતો હુકમ ન્યાયીક વિવેક બુધ્ધી મુજબનો હોવો જોઈએ. હાલના કેસમા સૌપ્રથમ મહત્વની હકીકત ધ્યાને લઈએ તો વાદીએ આંક–૧ વાળી દાવા અરજીમા પ્રતીવાદીઓ વિરુધ્ધ કોઈ કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ નથી. તેમજ આ કામે વાદીએ પ્રતીવાદીઓના સર્વે નં. ૨૩૯/૧ પૈકી ૨ વાળી જમીનના તમામ ખાતેદારોને પક્ષકાર તરીકે જોડેલ નથી. વાદીએ માર્ક ૪/૨ થી પ્રતીવાદીની જમીન સર્વે ૨૩૯/૧ પૈકી ૨ ના ગામ નમુના નં. ૮ અ ની નકલ રજુ કરેલ છે જે ધ્યાને લેતા તેમા હાલના બે પ્રતીવાદીઓ ઉપરાંત અન્ય પાંચ ખાતેદારોના નામ દર્શાવેલ છે. આમ સદર હકીકતો ધ્યાને લેતા વાદીનો કેસ વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ કે વચગાળાનો પ્રતીબંધાત્મક મનાઈ હુકમ ફરમાવવા યોગ્ય હોવાનુ જણાય આવતુ નથી. માટે વાદીની હાલની અરજી મંજુર કરવા યોગ્ય જણાતી નથી.

(૭) વાદીનો કેસ જોઈએ તો આ કામના પ્રતિવાદીઓ તેમના સગા

છે અને મુળ સ.નં.૨૩૯ વાળી જમીનના ભુતકાળમા ભાઈઓ ભાડ પડતા વાદીઓના ભાગે સ.નં.૨૩૯/૨ હે.આરે.ચો.મી. ૦–૬૩–૭૪ આવેલી અને આ કામના પ્રતિવાદીઓના હીસ્સે આવેલી જમીનનો સ.નં.૨૩૯/૧ પૈકી ૨ હે.આરે.ચો.મી. ૦–૩૩–૩૯ છે. બન્ને પક્ષનુ પક્ષ નિવેદન તથા રજુ કરેલ રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા જમીનની માલીકી સબંધે કોઈ તકરાર નથી. રેકર્ડ ધ્યાને લેતા વાદીની સ.નં.૨૩૯/૨ વાળી જમીનની લગોલગ પશ્ચિમ દિશાએ પ્રતિવાદીઓનો ઉપરોકત સર્વે નં.૨૩૯/૧ પૈકી ૨ આવેલ છે અને બન્ને પક્ષકારોના ખેતરમા અવરજવરનો માર્ગ પશ્ચિમ દિશાએથી આવેલ હોવાનુ જણાય આવે છે. તેમજ વાદી તથા પ્રતિવાદીના સદર બન્ને સર્વે નંબરની દક્ષિણ દિશાએ આવેલ સ.નં.૨૩૭ વાળી જમીનમા મજમુ કુવો આવેલ છે જેમા વાદીઓ તથા પ્રતિવાદીઓ બન્નેનો પાણીનો હકક સમાયેલ છે જે વાદીએ રજુ કરેલ માર્ક–૪/૨ વાળા ગામ નમુના નં.૭/૧૨ તથા માર્ક–૪/૮ વાળા પ્રતિવાદીના સ.નં.૨૩૯/૧ પૈકી ૨ ના ગામ નમુના નં.૭/૧૨ ના બીજા હકકોની વિગતમા પીયતનો હકક હોવાની નોંધ હોવાનુ ફલીત થાય છે. આમ સદર માર્ક–૪/૨ તથા ૪/૮ વાળા ગામ નમુના નં.૭/૧૨ ધ્યાને લેતા સ.નં.૨૩૭ વાળી જમીનમા આવેલ કુવેથી વાદી તથા પ્રતિવાદીના ઉપરોકત બન્ને સર્વે નંબરવાળો જમીનમા ધોરીયા મારફતે પીયતનુ પાણી લેવામા આવે છે તેવી વાદી પક્ષની રજુઆત પ્રાથમિક દ્રષ્ટિએ માનવા લાયક જણાય છે પરંતુ માર્ક ૯/૩ વાળુ રોજકામ/નકશો ધ્યાને લેતા **સર્વે નં. ૨૩૭ વાળા કુવા વાળો ધોરીયો પુર્વ તરફ સહેજ આગળ જતા પુરો થઈ જાય છે તેવી હકીકત દર્શાવેલ છે. સદર નકશો ધ્યાને લેતા આ ધોરીયો ખેડી નાખેલ હોય તેવુ કાઈ રોજકામ તથા નકશા આધારે જણાય આવતુ નથી.** વધુમા પ્રતીવાદી પક્ષે તકરાર લઈ જણાવેલ છે કે વાદીને પીયત માટે બીજા બે કુવા છે જે હકીકતનો વાદી પક્ષ દવારા કોઈ વિરોધ્ધ કરવામા આવેલ નથી માટે સર્વે નં. ૨૩૭ મા આવેલ કુવામાથી વાદીના ખેતર સુધી પાણી લઈ જવા માટેનો ધોરીયો એ વાદીના ખેતરમા પીયત કરવા સારુ એકમાત્ર સ્ત્રોત હોય તેવુ હાલના તબકકે રેકર્ડ પર આવતુ નથી. માર્ક–૯/૩ વાળુ રોજકામ/નકશો ધ્યાને લેતા આ કામના પ્રતીવાદીઓએ વાદીના જણાવ્યા મુજબનો પાણીનો ધોરીયો ખેડી નાખેલ હોય તેવુ પ્રાથમીક દ્રષ્ટિએ પુરવાર થતુ નથી. વાદી ધ્વારા તકરારી જગ્યાની સ્થળ સ્થિતિનુ રોજકામ કરવા અરજી આપેલ અને તે અનુસંધાને કોર્ટ કમીશ્નર ધ્વારા માર્ક–૯/૩ નકશા સહીતનુ રોજકામ રજુ કરેલ છે તે ધ્યાને લેતા પ્રતિવાદીઓની જમીન તકરારી રસ્તે તથા મજમુ કુવાવાળા ધોરીયા તરફથી

પ્રથમ આવતી હોવાનુ તેમજ સદર પ્રતિવાદીની જમીન બાદ પુર્વ તરફ આ કામના વાદીની સ.નં.૨૩૯/૨ વાળી જમીન આવેલ હોવાનુ હાલના તબકકે જણાય આવે છે. માટે વાદીના જણાવ્યા મુજબનો તકરારી રસ્તો પ્રતિવાદીની જમીનમા થઈને વાદીની જમીન તરફ આવતો હોવાની હકીકત દલીલ ખાતર માની શકાય પરંતુ સ્થળ સ્થીતીનુ જે રોજકામ રેકર્ડ પર આવેલ છે તે તથા પ્રતીવાદી પક્ષે લીધેલ તકરાર મુજબ વાદી પ્રતીવાદીની જમીનનો જે શેઢો મળે છે તે એકાદ ફુટ ઉંચો હોવાનુ રોજકામમા તેમજ પક્ષકારોના પ્લીડીંગમા પણ જણાવેલ છે માટે વાદીના સદર સર્વે નંબર વાળી જમીનમા વાદીના જણાવ્યા મુજબનો રસ્તો વર્ષોથી ચાલુ હોવાની હકીકત પુરાવો નોંધ્યા વીના હાલના તબકકે નીર્ણીત થઈ શકે નહી.

(૮) આ કામે વાદીની રજુઆત સબંધે માર્ક–૯/૩ વાળો નકશો ધ્યાને લેતા તેમા પણ વાદીની સદર જમીનમા આવવા માટેનો માર્ગ વાદીએ પોતાની મનાઈ હુકમની અરજીમા જણાવેલ છે તે મુજબનો પશ્ચિમ દિશા તરફથી આવતો હોવાનુ જણાય આવે છે. વધુમા સદર રોજકામ સહીતનો નકશો ધ્યાને લેતા તકરારી રસ્તો પ્રથમ પ્રતિવાદીના ખેતરે પહોંચે છે અને પ્રતિવાદીના ખેતરના પશ્ચિમ શેઢાએ સદર રસ્તામા "તાર" બાંધેલ હોવાનુ અને લોખંડના તારથી બંધ કરેલ હોય તેવુ જોવા મળેલ છે તેવુ દર્શાવેલ છે. તેમજ આગળ પ્રતિવાદીના ખેતરમા જતા ખેતરના ઉતર શેઢે પ્રતિવાદીના ખેતરમા અંદર જઈ શકાય તેમ નથી તથા પ્રતિવાદીના ખેતરની દક્ષિણ બાજુ નાળીયેરીની હાર જોવા મળે છે જે હાર નાની આવેલી છે તેવુ દર્શાવેલ છે. પરંતુ વાદીનો આ રસ્તો વર્ષો પુરાણો સુખાધીકારનો રસ્તો છે તે હકીકત સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા હાલના તબકકે માની વાદીના માંગ્યા મુજબની દાદ મંજુર કરી શકાય નહી કારણ કે તા.૨૯/૦૨/૨૦૨૪ વાળા કોર્ટ કમીશ્નરશ્રીએ કરેલ માર્ક ૯/૩ વાળુ રોજકામ ના પેજ નં .૩ પર વાદીના ખેતરમા ઘઉનુ વાવેતર કરેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે જયારે આ કામે પ્રતીવાદી દવારા વૈકલ્પીક રસ્તાના રોજકામ માટે જે અરજી આપેલ હતી તે અરજી આધારે કોર્ટ કમીશ્નરે તા.૧૧/૦૪/૨૦૨૪ ના રોજ રોજકામ કરી માર્ક ૨૧/૨ થી રોજકામ તથા નકશો રજુ રાખેલ છે જેના પેજ નં. ૨ ઉપર વાદીઓના ખેતરમા હાલ કોઈ વાવેતર કરેલ નથી તેવુ દર્શાવેલ છે આમ સદર બન્ને રોજકામની હકીકતો ધ્યાને લઈએ તો પ્રથમ રોજકામ વખતે વાદીના ખેતરમા ઘઉનુ વાવેતર હતુ અને એપ્રીલ–૨૦૨૪ મા થયેલ રોજકામ વખતે વાવેતર જણાતુ નથી માટે વાદીએ ઘઉની ઉપજ ખેતરમાથી લીધેલ હોવાનુ

હાલના તબકકે સદર બન્ને રોજકામ આધારે જણાતુ હોય વાદી પોતાના ખેતરમા હાલ અવર જવર નથી કરી શકતા અને તેના કારણે તેઓ ઉપજ ન લઈ શકે અને નાણામા ભરપાઈ ન થઈ શકે તેવી વાદી પક્ષની રજુઆત પણ ટ્રાયલના કામે પુરાવો લીધા વીના માની શકાય નહી.

(૯) આ કામે વાદી પક્ષે વાદીના શેઢા પાડોશી મોહનભાઈ ઉકાભાઈ વાઢેર તથા મોહનભાઈ દેવરાજભાઈ વાઢેરનાઓના સોગંદનામા માર્ક–૧૯/૧૦ તથા માર્ક–૧૯/૧૧ થી વાદીના સમર્થનમા રજુ થયેલ છે. જે સોગંદનામાથી વાદીની મનાઈહુકમની અરજીની હકીકતોને અંશતઃ સમર્થન મળે છે. સદર જમીનો મુળ શીલ ગામના સ.નં.૨૩૯ ના જ અલગ અલગ પોત હોય અને તેમાથી જ વાદી તથા પ્રતિવાદીઓના હીસ્સે જમીન આવેલ હોય તે બાબત બીનતકરારી છે પરંતુ આ કામે વાદીએ સર્વે નં. ૨૩૯/૧ પૈકી ૨ ના તમામ ખાતેદારોને પક્ષકાર તરીકે જોડેલ ન હોય તથા અગાઉ ચર્ચા કરી છે તે મુજબ કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ ન હોય ત્યારે કામચલાઉ મનાઈ હુકમની દાદ મંજુર ન કરી શકાય તેવી કાયદાકીય સ્થીતી હોય વાદીની હાલની વચગાળાના આદેશાત્મક તથા પ્રતીબંધાત્મક મનાઈ હુકમની અરજી મંજુર કરી શકાય નહી તેવુ મારુ નમ્ર પણે માનવુ છે. વધુમા આ કામે વાદીએ એવી રજુઆત પણ કરેલ છે કે દાવો દાખલ થયા બાદ આ કામના પ્રતીવાદીઓ દવારા તેઓના અન્ય સર્વે નંબર ૨૩૬/૨ વાળી જમીનમા જે રહેણાંક મકાન આવેલ છે તેની આગળ આ કામના પ્રતીવાદીઓ દવારા બેલા પથ્થરનો ઢ ગલો ખડકી દીધેલ છે અને તે સબંધે વાદી પક્ષે ફોટોગ્રાફસ તથા બનાવેલ વીડીયોની સી.ડી. કલમ ૬૫(બી) મુજબના સર્ટી સાથે રજુ કરેલ છે જે ધ્યાને લઈ પ્રતીવાદીઓની વર્તણુક ધ્યાને લઈ હાલની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે. વાદીની સદર રજુઆત ધ્યાને લઈ એ તો સર્વે નં. ૨૩૬/૨ વાળા વાદીના અન્ય ખેતરમા આવેલા તેના રહેણાંક મકાન પાસે બેલા પથ્થરનો ઢગલો ખડકેલ હોવાની હકીકત દલીલમા જણાવે છે પરંતુ તે મુજબ પક્ષ નીવેદનમા કોઈ સુધારો કરેલ નથી કે આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજીમા પણ કોઈ સુધારાની માંગણી કરેલ નથી. તેમજ ફોટોગ્રાફ તથા સી.ડી. આધારે હાલના તબકકે પક્ષ નીવેદનના અભાવે વાદી પક્ષની રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(૧૦) આમ, વાદી તથા પ્રતીવાદી પક્ષે રજુ થયેલ તમામ રેવેન્યુ રેકર્ડ તથા અન્ય

દસ્તાવેજી પુરાવા, લેખીત તથા મૌખીક રજુઆત તથા ચુકાદાઓ ધ્યાને લેતા વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ કામચલાઉ મનાઈ હુકમ ની અરજી મંજુર કરવા સબંધેની સ્થાપીત કાયદાકીય સ્થીતી મુજબ  તેમજ હકીકતની સ્થીતીએ પુરવાર કરી શકેલ નથી તેવુ મારુ  નમ્ર પણે માનવુ છે. વાદીએ આ કામે કાયમી મનાઈ હુકમની દાદ માંગેલ ન હોય કામચલાઉ મનાઈ હુકમની દાદ મળી શકે નહી તેવો કાયદાકીય સિધ્ધાંત ધ્યાને લેતા  વાદી પક્ષે પોતાની લેખીત દલીલમા જણાવેલ ચુકાદા તેઓને મદદરુપ થઈ શકે નહી તેવુ મારુ નમ્ર પણે માનવુ છે. આમ, ઉપરોકત તમામ ચર્ચા તથા કારણો મુજબ  વાદી પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ હોય નાણામા ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન તથા સગવડ અગવડની સમતુલાના પરીબળ અંગે વિશેષ કોઈ ચર્ચા કરવાની રહેતી ન હોય વાદીની હાલની અરજી લગત ન્યાયના હીતમા નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) વાદીની આંક–પ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૧૯ મી માહે જુલાઈ, સને–૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– માંગરોળ.

તારીખઃ ૧૯–૭–૨૦૨૪.

(ચંગીઝ મસવર રાઠોડ)
મુખ્ય સિવિલ જજ,
માંગરોળ.

**JUDGE CODE NO.GJ-01238**